





જ્ઞાતિને ધર્મ સાથે ચૂંટણીમાં આવે છે પક્ષો,
ને ઉદ્યોગપતિઓનાં મહોરાં લાવે છે પક્ષો,
ફાવે છે પક્ષો આ સિધ્ધાંત વિનાના ભંભૂટથી -
મૂળ વિનાનાં ઝાડવાં સ્વાર્થમાં વાવે છે પક્ષો..
(સ્વાર્થ પક્ષ-પલ્ટા)




મહેન્દ્રસિંહે
પલ્ટી દિશા, કોંગીની -
બેઠી છે દશા!

કપાઇ ગયો!
કમળ લેવા જતાં -
કોંગી નો હાથ..

## ચિંતન

**ચલન્તિ ગિરયઃ કામં યુગાન્તપવનાહતાઃ ।**
**કૃચ્છ્રેપિ ન ચલત્યેવ ધીરાણાં નિશ્ચિલં મનઃ ॥**

'પ્રલયકાળના પવનોના અથડાવાથી પર્વતો ભલેને ડોલવા લાગે પણ ધીર જનોનાં અડગ મન મુશ્કેલીઓ આવી પડવા છતાં પણ ડગતાં નથી.'

આપણા સૌરાષ્ટ્રમાં એક પ્રાચીન ભજન છે. 'મેરૂ તો ડગે પણ જેના મનડાં ડગે નહીં - પાનબાઇ' જેના મન મક્કમ હોય, સંયમિત હોય, મન પર જેનો સંપૂર્ણ કાબૂ હોય - એ સંસારના ગમે તેવાં મોટા-સારાં પ્રલોભન પાસે પણ ઝૂકતા નથી.

આજના જમાનામાં પહેરવેશ અમર્યાદ થઇ ગયા છે. વર્તન-વહેવારમાં મલાજો રહેતો નથી. આબરૂ-ચારિત્ર્ય-આ નવી પેઢીમાં એટલી શિથિલતા આવી ગઇ છે કે, એના પ્રત્યે જે ગાંભીર્ય - ચિંતા હોવી જોઇએ તે રહી જ નથી.

ચલચિત્રો-વીડિયો-મોબાઇલ ને કારણે વસ્ત્રો-વર્તણૂંક - અને વહેવાર નિર્લજ થઇ ગયા છે. આવા વાતાવરણમાં ભલભલા સજ્જન પણ 'લપસી' જતાં કાબૂ માંડ રાખી શકે!

**પ્રલયકાળનો પવન હવે શરૂ થઇ ગયો છે. સુનામી-ભૂકંપો-વાવાઝોડાં રોજની ઘટના થઇ ગઇ છે. આવા કપરાં કાળમાં મનને 'અડગ' રાખી જીવનારા સંતજન દુર્લભ છે. મજબૂત મનના લોકો જ આજના સમયમાં હેમ-ખેમ રહી શકે.**

## સુવિચાર

- પુરૂષાર્થનું પરિણામ એટલે નશીબ. કઠોર પરિશ્રમથી ભાગ્યનો સાથ મળે છે **- એમિલિ ડિકીન્સન**
- તમારા ભાગ્યમાં હતું તે બધું જ તમને મળી ચૂક્યું છે, હવે તેને ચાહો-પ્રેમ કરીને તેને સદ્‌ભાગ્ય બનાવો. **- ઓરિલિયસ**
- નશીબ પર ભરોસો રાખી બેસનારને રાતનું ભોજન પણ મળતું નથી **- બેન્જામીન ફ્રેંકલિન**
- આજનો પુરૂષાર્થ આવતીકાલનું ભાગ્ય બને છે **- પાલશિરર**
- પ્રત્યેક મનુષ્ય પુરૂષાર્થ વડે જ પોતાના ભાગ્યનું શિલ્પ કંડારી શકે છે **- કેક્સ એપિયસ**
- જેને જીવનમાં સફળતા મેળવી છે એ તમામ પુરૂષાર્થવાદી જ હતા, નશીબ પર આધાર રાખી કદી બેઠા ન હતા **- એમર્સન**
- માણસ થાકી, હારી, નિષ્ફળ જાય ત્યારે 'નશીબ' ને દોષ આપે છે **- એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

**આજકાલ તો મોટા મોટા પ્રધાનો ચોરી ખાયકી-કૌભાંડમાં પકડાય છે છતાં જરા પણ શરમ** સંકોચ અનુભવતા નથી. કનીમોઝી-રાજા-જયસ્વાલ-વીરભદ્ર-ગડકરી - તદ્દન નફ્ફટાઇ પૂર્વક જાણે કંઇ જ બન્યું નથી એમ 'નિર્દોષ' થઇ ફરે છે?! જેણે મુકી લાજ એને નાનું સરખું રાજ..

એક પઠાણ આબરૂદાર હતો પણ ગરીબી અને પરિવારનું પેટ ભરવા - ભૂખનો માર્યો ચોરીને રવાડે ચઢ્યો.

**એક શેઠની તિજોરીની બાજુની દિવાલે છીડું પાડી ઇંટો ખસેડી છીંડુ પાડ્યું અને હાથેથી** બીજી ઇંટો ખસેડવા લાગ્યો.

પઠાણ નવો નવો ચોર બન્યો હતો તેથી આવડત ઓછી એકાદ ઇંટ અંદરના ભાગમાં પડી શેઠ જાગી ગયો અને પુત્રની સહાયથી પઠાણનો હાથ પકડી લીધો. પઠાણે ખૂબ ખેંચ-તાણ **કરી પણ મજબૂતીથી પકડાયેલો હાથ છૂટ્યો નહીં.**

**શેઠે હવે બૂમ-બરાડા શરૂ કર્યાં. પઠાણને હવે પકડાઇ જવાની અને આબરૂનાં કાંકરા** થવાનો ડર લાગ્યો.

પેટ પર કટાર હતી - કટાર કાઢી હાથ કાપી નાખ્યો! વિચાર્યું હાથ ભલે જાય, લાજ ન જવી જોઇએ.. આવા પણ 'ચોર' હોઇ શકે!

# દરેક છબિ તો સુંદર જ હોય છે, છબિ માહેના આત્માને ઓળખવા પ્રયત્ન કરીએ તો સાચું!

## ● સમાચાર સેતુ

● ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર માસના બીજા રવિવારે અચૂક મળતી આગામી માસિક સભા તા. ૧૧-૧૧-૨૦૧૨ના રોજ સાંજના ૪ : ૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેક્ટર-૨૧ ખાતે મળશે જેમાં સાંપ્રત સમાજનાં બનાવોને સંબંધિત સ્વલિખિત ''લઘુકથાઓ'' રજૂ કરવાની રહેશે, જે એક પેક કે તેથી ઓછી હોય.

## ● કાવ્ય સેતુ

**નવલોહિયા : (પૃથ્વી - સોનેટ)**

**- મૂળજીભાઇ પરમાર "દધિ"**

સુમંગલ ઉષા, વિનાશકર ઊગતાં એક'દિ
સુણાઈ હાકલો હિમાલય ભણી, નવલોહિયા
ચડ્યા કટિબધ્ધ થઈ; અલભ્ય શૌર્ય અંગે ધરી.
ડર્યા સ્વજન ડારવા, નયનમાં ખુમારી ભરી
''ભલે વદત ભોમ, કાં ખુઓ અમૃતશી જિંદગી?''
''વિનાશ કર માર્ગ આ ત્યજી, કરો ખુદા બંદગી.''
પરંતુ સાહસી નરો નહીં વળ્યા; અગાડી વધ્યા.
ગયા, અભેદ્ય, શૈલપે ભયકર અને બર્ફીલ;
રિપુ જહાં ઊભા'તા, કાળયવન બની ઝૂઝવા.
ડગ્યા ન લેશ તોય, થૈ મરણિયા અરિપે કૂદ્યા;
કરી નમન ભોમને, તરત ગયા પૂંઠયે.
ભમીને સમર પ્રાંગણે, રિપુને યે હંફાવિયા
સતત, ચૂકવી માતૃઋણ અમરત્વ પામિયા

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

## ● વાર્તા સેતુ : ત્રીજો ફોટો ક્યારે?

**- ભરત પાઠક "નયન"**

ફોટોગ્રાફરને બીજો શું ધંધો હોય?

નવા નવા સ્થળોના ફોટા પાડવા અને તેને આબેહૂબ બનાવીને સૌને બતાવવા. અહિં આશ્રમનાં ફોટોગ્રાફ આવ્યા કરે. અને બાપુના કે પછી દર્શનાર્થીઓનાં ફોટા પાડીને તેનું ગુજરાન ચલાવે.

આમતો આશ્રમમાં તેણે બાપુા કેટકેટલાય ફોટા પાડ્યા છે. પરંતુ એક ફોટો તેને ખૂબ ગમતો હોવાથી ફોટોગ્રાફર તેને એનલાર્જ કરીને લાવ્યો. અને બાપુના કહેવાથી તે ફોટો આશ્રમની રસોડાની પરસાળમાં મૂકાય ગયો. આ ફોટામાં અજવાળી છે. તેનો દીકરો બાધો છે. હરજી ભગત - ત્રણે વ્યક્તિ બાપુને પગે લાગી રહ્યા છે. અને આશીર્વાદ મેળવતા દેખાય છે.

આ ફોટાને જોઈને બાપુ કહે : ''આ ફોટામાં રહેલી એવી કોઇ સૂક્ષ્મ ક્ષણને બતાવીને સમજાવશો?''

ફોટોગ્રાફર કહે : બાપુ! એ તો જાણે-અજાણે કેમેરાની ચાપ દપાય જાય તે ક્ષણ હશે... એમ મારૂં માનવું છે.

બાપુ કહે : હા... હા... એ સાચું પરંતુ આવી ક્ષણને આ ફોટામાંથી શોધી આપો તો મારો આતમરામ રાજી થશે!

ફોટોગ્રાફર : બાપુ, અણે તો પાડેલા ફોટામાં હાસ્ય... રૂદન... કે પ્રેમનો કોઈક તંતુ શોધતા હોઈએ. જેમ કે માતાને સ્તનપાન કરનું બાળક અને એના આનંદમાં બાળકનો ઊંચો થતો જતો એક પગ કે હાથ! - નવોઢા યૌવનાનું સૌંદર્ય તેણે પહેરેલા ઘરેણાની ઝીણામાં ઝીણી નકશીની કમાલ - નદીમાં તણાય જતી વ્યક્તિને કાંઠે ઊભેલાંનું આક્રંદ વયોવૃધ્ધની એકલતા તો વળી જન્માષ્ટમી જેવા તહેવારોનો લોકમેળો અને એમાં હૈયે હૈયું અથડાતું હોય તેવા દશ્યો કે પછી ચકડોળમાં ઊંચે ચડેલા બે માનવીનો આનંદ - આવા દશ્યોમાં અમે માનવીના મનને શોધવા થોડોક પ્રયત્ન કરીએ ખરા.

બાપુ કહે : તો પછી આ ફોટામાં પણ અજવાળી... હરજી ભગતનો પ્રેમ તમને નથી દેખાતો? અને આ બાધામાં બાલકરામના પ્રેમદર્શન નથી થતા?

- ફોટોગ્રાફર શાંત રહ્યો., આ પહેલાં તે ઘણું બધું બોલી ગયો હતો.

બાપુ આગળ બોલ્યા : પ્રેમ તો સર્વત્ર છે. કરૂણા, દયા, સત્ય, એ બધા શુધ્ધ અંતઃકરણના ધર્મો છે. અને એ પ્રેમના કારણે તો તે બધા વિકસે છે. જગતમાં પ્રેમભાવનું સામ્રાજ્ય પ્રવર્તે છે. દરેક છબિ તો સુંદર જ હોય છે. છબિ માહેના આત્માને ઓળખવા પ્રયત્ન કરીએ તો સાચું! આપણે તો તેના દોષ જોઈ જોઈને જ છબિ બગાડી નાખીએ છીએ.

રસોડાની પરસાળમાં મૂકાય ગયેલાં ફોટાને લોકો પ્રસાદ લીધા પછી પગે લાગતા જાય છે. ફોટા માહેની કલા એટલી સ્પષ્ટ હતી કે જોનારાને એમ જ લાગે કે આ બાપુ મારી સામે જ જુએ છે. અને અબઘડી બોલાશે!

●●●

ભક્તો સૌ આશ્રમમાં વર્ષોથી આવતા જ રહે છે. પરંતુ આશ્રમમાં જો કોઈ હંમેશા ટકી ગયું હોય તો આ હરજી. હરજીને અકસ્માત થતાં પગે લચકાતો અને તેને બીજો કોઈ આધાર હતો નહીં. આશ્રમમાં આવ્યા પછી તેનું જીવન બદલાય ગયું. તેનો ઉત્સાહ, આવકાર... અને રાતદિવસ કામ કરવાની ધગશ. જાણે કે સંતના ખોળે સંત અવતર્યો!

તો વળી અજવાળી પણ આશ્રમના ઓરડાથી માંડી ફળિયા સુધીનો કચરો સાફ કરતી. આવતલ ભક્તોને રાંધીને રોટલા - શાક અને કઢી-ખીચડી ઝપાટાભેર બનાવી આવતી. તેનો એકનો એક દીકરો બાધો, જયારે તે ત્રણ વરસનો હતો ત્યારથી તે આજ તેર વરસનો થયો તે આશ્રમની સેવા-ચાકરીમાં જ જીવન વિતાવે છે. તેનો પતિ કુવો ગાળતા ગુજરી ગયો હતો. અજવાળી પણ બધાને હસતા મોઢે જય સીતારામ... જય સીતારામ... કહે કરે છે.

●●●

સેવાના તપ કહો કે બાપુના આશીર્વાદ કહો... આ હરજીવન સાથે બાપુએ જ તેનું ઘર મંડાવી દીધું. અને બાધાને ભણાવવાનો ખર્ચ પણ બાપુ જ આપે છે!

●●●

એક દિવસ વળી પાછો ફોટોગ્રાફર એનલાર્જ કરેલી બીજી એક કલાકૃતિ લઇને બાપુ પાસે આવે છે. આ છબિમાં બાપુ સૂતા હતા - નિદ્રામાં હતા, ત્યારનું દશ્ય છે.

બાપુ તો દરરોજ જમીન ઉપપર જ એક શેતરંજી પાથરીને સુઇ રહેતા. આ ક્ષણને ઝડપી લેતા તેણે ગાઢ નિદ્રામાં પોઢેલા મહાત્મા અને આશ્રમની આજુબાજુની નિરવ શાંતિને ઉજાગર કરી છે. બાજુમાં કમંડળ છે. અને મોટા બેરખાની માળા પડી છે.

- આ શેતરંજી સાથે જ ઉડીને બાપુ આવ્યા હોય એમ પથારી જમીનથી સહેજ ઊંચી રાખેલી દેખાય છે. નજીકમાં બેટરી પડી છે. તો વળી આશ્રમની ઝાળીએ લોખંડના આંકડિયા સાથે ફાનસ લટકતું દેખાય છે. દૂર એક મીંડદી સુતી છે... તો વળી આશ્રમના દરવાજા તરફ મોંઢુ રાખી એક કૂતરો લાંબા પગ કરીને સુતો છે!

આ ફોટો જોઈને બાપુ કહે : 'અરે... વાહ... વાહ... તે તો મારા મરણનો ફોટો પાડી લીધો!'

ફોટોગ્રાફર કહે : 'ના બાપુના આવું ના બોલો... આ તો મહાત્માઓની ગાઢ નિદ્રા છે. સંતો સુવે એની આજુબાજુમાં ધીમા શ્વાસે જીવજંતુ, પશુપંખી કે જંગલી પશુઓ પણ ઘડી બે ઘડી આરામ કરે એવું દશ્ય ઝડપવા માટેનો મારે પ્રયાસ છે.'

'ભાઈ, આ મારી ગાઢ નિદ્રા નથી. આ ફોટાએ તો મારી નિંદ્રા જ ઉડી ગઈ છે. પછી તો સતત જાગતા રહેવાનું જ રાખ્યું છે.'

'બાપુ કાંઈક સમજાય એવું બોલો. નમો શું કહેવા જોઈ રહ્યાં છો?'

'ભાઈ, આ ફોટાને આમ ફળિયામાં ધૂળની ઢગલી કરીને તેમાં ટેકવીને રાખ. અને આ ફોટા સામે ઘડીભર જોયા કરો. અને આમા થતી બધી માનસપટ સ્વપ્નની દુનિયાને બતાવો... તો ખરા!'

'અરે બાપુ! આવું બધઉં વાંચવા માટે તો કેટકેટલાય તપ કરવા પડે. આપ પોતે જ આમાના માનસનું દર્શન કરવો તો સારૂં!'

'આ સાંભળી બાપુએ એક મિનિટ માટે આંખો બંધ કરી અને આંખો ખોલી તો ઉજ્જવળ પ્રભાતના દર્શન થતાં હોય એમ લાગ્યું!'

અત્યારે અહિં ત્રણ જણા છે. બાપુ... ફોટોગ્રાફર... અને ધૂળમાં ખોડાયેલા પેલો ફોટો!

બાપુ કહેવા લાગ્યા : 'આ ઊંઘમાં ય તે માણસને કયાંક જંપ નથી હો!'

આ દુનિયા છે તેવી જ એક મનની - સ્વપ્નની પણ એક અજબની દુનિયા છે તેમાં રંગરંગીલા સ્વપ્ના આવે અને આપણને રસમય કરી દે! તો વળી પાછા રડાવે ય ખરા! ડરાવે ય ખરા! એવી આ ઊંઘ છે!

એક વખત આશ્રમમાં કામ કરતી નાજુક - નમણી - અજવાળીને માટે મને નિકટતાનો ભાસ થયો! તેને હું સમજાવતો હતો કે, 'અજવાળી, ચાલ આપણે સંસાર માડી લઈએ પરંતુ તે તો એમ શાની માને?' એ મને કહેવા મંડી.

'બાપુ આમ પાપમાં મને શીદ નાખો છો? હું કયા ભવે છૂટીશ? મારે તો આ બાધાને મોટો કરૂં અને આશ્રમની સેવા કરૂં એ જ સાચું છે! મારો આતમરામ આ સંસારનાં જળમાં એકવાર નાહીને આવી ગયો છે. હવે ફરી ફરીને તેમાં પાછું?!'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સંકલ્પોને આધારે જ માનવીનું ઘડતર થતું હોય છે, મનના વિચારો પવિત્ર - શુધ્ધ અને મંગલમય હોય તો પછી આચારો પણ તેવા જ બને

'તન્નમે મન શિવ-શડ્કલ્પ્યમસ્તુ'

'મારૂં તે મન સદા શિવ-સંકલ્પ કરનારૂં થાઓ'

મનની વિશિષ્ટતા, ગહનતા તથા શક્તિ દર્શાવતા આ મંત્રો શુક્લ યજુર્વેદનાં ૩૪માં આધ્યાયનાં પ્રારંભમાં જ આપ્યાં છે. કુલ છ મંત્રોનું આ ઝમખું 'શિવ શંકલ્પમ-સૂત્ર' તરીકે જાણીતું છે. આ મંત્રોનો સમાવેશ રૂદ્રાષ્ટાધ્યાપી'માં પણ કરવામાં આવ્યો છે. આ મંત્રોમાં, મન કેવું છે તે કેવી કેવી વિશેષતાઓ ધરાવે છે. તેની ગતિવિધિ કયા પ્રકારે ચાલે છે. તથા આપણે જે કંઇ પ્રાપ્ત કરવા માગતા હોઈએ. તેમાં મનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય - ઈત્યાદિ બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. દરેક મંત્રના આગળના ત્રણ - ચરણોમાં મનની વિવિધ શક્તિઓનું વર્ણન છે. તો અંતિમ ચરણમાં 'તન્નમે મનઃ શિવસંકલ્પ ભ્પ્યમસ્તુ' એમ કહી. 'આવું મારૂં મન શિવ - સંકલ્પ કરતું થાય' તેવી પરમ - તત્ત્વ પરમાત્માને પ્રાર્થના કરવામાં આવી છે.

ચિત્તમાં ચાલતા વિચારોના પ્રવાહને અથવા તો ચિત્તની વિચાર કરવાની શક્તિને 'મન' તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રવાહ અંગે સ્વામી વિદિતાત્માનંદજી જણાવે છે કે ''સામાન્ય રીતે મનમાં સંકલ્પ - વિકલ્પ થતાં હોય છે. પરંતુ મનમાં થતાં તમામ સંકલ્પ-વિકલ્પ શિવ - શુભ જ હોય તેવું બનતું નથી.'' આપણાં સંકલ્પો કલ્યાણકારી બને તે માટે સતત જાગૃત રહેવું પડે છે. શાસ્ત્રોના જણાવ્યા પ્રમાણે મનનો મૂળભૂત સ્વભાવ 'શિવ' વિચારણાનો છે. પરંતુ અનેક પ્રકારના વિષયો પ્રતિ આકર્ષણને કારણે મન મુળ સ્વભાવથી વિખૂટું પડી જાય છે. શિવ તત્ત્વથી સાવ જ અલગ પડી જાય છે આપણે ઘડીભર તદ્દન તટસ્થભાવે આપણાં વિચાર - પ્રવાહને નીરખીએ તો તુરત જણાઈ આવે કે તમામ સંકલ્પો શુધ્ધ - શુભ કે કલ્યાણકારી હોતા નથી. ઘણી વખત અશુભ વિચારોનાં ઝાળાં મન પર બાજી જાય છે. આ જાળામાં સાફ થાય. મન નિર્મળ-સ્વચ્છ બને. તેના મૂળભૂત સ્વભાવને પામે તે માટે પરમાત્માને પ્રાર્થના કરવી અતિ જરૂરી બની જાય છે.

## સંસ્કાર ચિંતન

**- અનંત ન. વ્યાસ**



આપણું જીવન સતત પ્રવૃત્તિમય હોય છે. આપણી તમામ પ્રવૃત્તિઓનાં મૂળમાં કંઈક પ્રાપ્ત કરવાનું પ્રયોજન રહેલું હોય છે. આ પ્રવૃત્તિ સ્થૂળ અથવા સુક્ષ્મ હોઈ શકે. આપણા આ પ્રયોજનને આપણે આપણી ઈચ્છા અથવા તો સંકલ્પ પણ કરી શકીએ. ઉપનિષદના ઋષિ કરે છે. મનસા સંકલ્પમ બુધ્ધયા નિશ્ચિત્ય, ઈન્દ્રૈઃ કર્મ કરોતિ' વ્યક્તિ મનથી પ્રથમ સંકલ્પ કરે છે. બુધ્ધિ - દ્વારા નિર્ણય લેવાય છે અને ત્યાર પછી ઈન્દ્રિયો કર્મ કરે છે. આ તમામ ક્રિયા અતિ ઝડપથી થાય છે. ધારો કે રસ્તો પાર કરવા ઈચ્છતા કોઈ વૃધ્ધને તમે જુઓ છો. પ્રથમ મનમાં મદદ કરવાનો સંકલ્પ થાય. બુધ્ધિ નિર્ણય આવશે કે સંકલ્પ શુભ છે પછી કર્મેન્દ્રિય તમને ત્યાં લઈ જશે. તમે હાથ પકડી. તેને રસ્તો પાર કરાવશો. તમને એક શુભ કર્મ કરવાનો આનંદ થશે. આમ દરેક પ્રવૃત્તિ પાછળ મનમાં થતાં સંકલ્પો જ હોય છે જો સંકલ્પ અશુભ હોય તો કર્મ હાનિકારક થાય. સંકલ્પોને આધારે જ માનવીનું ઘડતર થતું હોય છે. મનના વિચારો પવિત્ર - શુધ્ધ અને મંગલમય હોય તો પછી આચારો પણ તેવા જ બને.

મહાભારતનો શ્લોક છે 'કામ જાનામિ તે મૂલં સંકલ્પાત્કિલ જાયસે' હે કામ તારૂં મૂળ હું જાણું છું. તું સંકલ્પથી જન્મે છે.'

કામ એટલે કામના - ઈચ્છા...

આપણા મનમાં સતત એક પછી એક ઈચ્છા જન્મ્યા કરે છે. ઈચ્છાઓ મન પર એક પ્રકારનો બોજો લાદે છે. જેને આપણે સહન નથી કરી શકતા. તેથી જેવી ઈચ્છા જન્મે તેને પુરી કરવા આપણે પ્રયત્નો કરીએ છીએ. આપણે એવું માનીએ છીએ કે ઈચ્છા પુરી કરશું તો બોજ હળવો થશે. મનમાં ઈચ્છા હોય તે આપણને ગમતું નથી. તેમાંથી છૂટકારો મેળવવા સતત પ્રયત્નો કરતા રહિએ છીએ. પણ જ્યાં એક ઈચ્છા પુરી થાય - ક્ષણ ભર મન વિશ્રાન્તિ અનુભવે ત્યાં તો નવી ઈચ્છા જન્મી ચૂકી હોય છે. આપણે તેની પૂર્તિ કરવા દોડવા લાગી જઈએ છીએ. આપણી ધારણા બંધાઈ ગઈ છે કે ઈચ્છાપૂર્તિથી આનંદ મળે છે. શાંતિ મળે છે આથી નિતનવીન ઈચ્છાઓને આપણે આવકારીએ છીએ તેની પૂર્તિ માટે સતત મહેનત કરીએ છીએ. માણસ ઈચ્છાઓને લાંબો સમય દબાવી નથી શકતો. ઘણીવાર તો ઈચ્છાઓનો બોજ સહન કરવાનું વ્યક્તિની શક્તિ બહાર થઈ જાય છે આવા વખતે વ્યક્તિ 'સ્ટ્રેસ' અનુભવે. અથવા ઈચ્છાપૂર્તિ માટે ગમે તેવા કર્મો કરતાં અચકાય નહીં.

ઈચ્છાપૂર્તિથી થતો કે અનુભવાતો આનંદ ખરેખર ઈચ્છાની પૂર્તિ થઈ તે માટે થયો છે ખરો? ના. આ આનંદ તો મન ઈચ્છાના બોજાથી મુક્ત થયું. તે મુક્તિનો આનંદ હોય છે. એ દષ્ટિએ આપણે ઈચ્છા માત્રથી મુક્તિ મેળવવા જ માગતા હોઈએ છીએ. મન ઈચ્છારહિત થતા તેના તમામ કુદડા શાંત પડી જાય છે. જેટલો સમય મન કામના રહિત રહે તેટલો સમય આનંદનો સમય હોય છે. હવે જો આનંદના સમયને લંબાવવો હોય તો શું કરવાનું... જવાબ તદ્દન સરળ છે. મનને ઈચ્છારહિત બનાવી દો. વિચારોનાં પ્રવાહને અટકાવી દો. આ વાત ધારીએ તેવી સહેલી નથી. મનમાં નવી નવી ઈચ્છાઓ જન્મતી જ જાય છે ને વણ - સમજ્યે તેની પૂર્તિ માટે વ્યક્તિઓ દોડધામ કરતી રહે છે. મનને ઈચ્છારહિત કરવાનો સંકલ્પ એ શિવ-સંકલ્પ કહેવાય.

વેદનાં ઋષિએ પણ શિવા શબ્દ પ્રયોજ્યો છે. 'શિવ' એટલે માત્ર સારૂં કે શુભ નહિ. પણ સાતે કલ્યાણકારી - જે સંકલ્પ આપણને કલ્યાણના માર્ગે લઈ જાય તે શિવ. શિવ સંકલ્પ એટલે વિવાદ-વિશાદ કે ભેદભાવ વિનાનો સંકલ્પ. આવો સંકલ્પ આંતર - બાહ્ય જીવન પર અસર કરનાર બને છે. વ્યવહારની દષ્ટિએ સંસારમાં શુભ-કર્મો કરવાના સંકલ્પો થતાં હોય છે. પરંતુ તેવા સંકલ્પો અંતિમ 'શિવ' બનતા નથી. એક શુભ કર્મ પૂરૂં કરતાં તુરત અન્ય શુભ કર્મ કરવાની ઈચ્છા જાગે છે. ત્યારે આંતરિક ભાવ પ્રમાણે તો અંતર પરનાં અજ્ઞાનનો પટ દૂર થાય. વ્યક્તિને પોતાના સ્વ સ્વરૂપનું જ્ઞાન થાય તેવી અસર કરનાર સંકલ્પ શિવ કહેવાય. આમ શિવ - સંકલ્પનો મહત્ત્વનો અર્થ વિચારતાં લાગે છે કે જે સંકલ્પ આપણને સદાને માટે કલ્યાણપ્રદ એવા મોક્ષના માર્ગે દોરી જાય તેજ સાચો શિવ સંકલ્પ. અખંડ - આનંદનો અનુભવ ત્યારે જ થઈ શકે જયારે આપણે અપૂર્ણતામાંથી પૂર્ણતા પ્રાપ્ત કરીએ અથવા તે માર્ગે પડીએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મફત મોબાઇલ યોજના અથવા ભૂખ ભગાડવાનો અફલાતૂન ઉપાય

વર્ષો પહેલાં આયુર્વેદ - સંશોધકોએ એક એવો 'કંદ' શોધી - કાઢવાનો કાવો કરેલો કે જે ને ખાવાથી ત્રણ દિવસ ખૂભ ન લાગે. આ સમાચાર ગરીબ લોકો માટે તો ભારે આશ્વાસનરૂપ બન્યા હતા. તેઓએ માનેલું 'હાશ, ભલે થોડો સમય પણ ભૂખ અટકાવી શકાશે તો ખરી' પણ એ કંદ કયારેય કોઈનાં જોવામાં ન આવ્યો. જેથી ભૂખનો પ્રશ્ન એવો ને એવોજ સળગતો રહ્યો. આ સળગતા પ્રશ્નનો ઉકેલ શોધવા એક મજૂર - બાવાએ એક ડૉકટરને પ્રશ્ન પુછેલો. 'ડૉકટર સાહેબ, ભૂખ ન લાગે તેવી કોઈ દવા આવે છે ખરી ? અમને તો ભૂખ બતુ સતાવે છે.' (ડૉ. વિજળીવાળાના પુસ્તકમાંથી) ડૉકટર તો આવી કોઈ દવા નથી બતાવી શક્યા. વૈજ્ઞાનિકો પણ આવી કોઈ દવા નથી શોધી શક્યા. આવા સંજોગોમાં એક માનનીય મંત્રીશ્રીએ ભૂખ-ભુલાઈ જાય તેવો સચોટ ઉપાય શોધી કાઢવાનો દાવો કર્યો છે. અને કદાચ આવતા વરસે તો આ ઉપાયનો અમલ પણ થઈ જાય. જો ઉપાય અમલમાં મુકાશે તો આપણને નવું જાણવાનું મળે. "લોકોની ભૂખ - ભાંગશે અને પેટ પણ ભરાશે" કોનાં પેટ ભરાશે તેવો અવૈધાનિક પ્રશ્ન નહીં કરવાનો. જવાબ પ્રશ્નકર્તાની સમજ પર આધારિત છે. જેવી તમારી સમજ શક્તિ.

તમને થશે મંત્રીશ્રીએ એવો તે કયો ઉપાય શોધ્યો છે. જેનાથી ભૂખનું ભાન ન થાય ? ઉપાય તદ્દન સરળ છે ને પાછો મંત્રીશ્રીના મગજમાં ઉપજેલો, માટે કિંમતી પણ ખરો. મંત્રીશ્રીએ સૂચવ્યું છે. બી.પી.એલ. કાર્ડધારકોને એકેક મોબાઈલ મફત આપો. બસ સરકારનું કામ પૂરૂં, લોકોને મોબાઈલના રવાડે ચડાવી દો... બાકીનું કામ મોબાઈલ કંપનીઓ સંભાળી લેશે. ગરીબોના કલ્યાણ તથા પ્રગતિ માટેની આ યોજના તમને ગમશે. આમ તો આપણી તમામ યોજનાઓનું લક્ષ્ય ગરીબોનું કલ્યાણ કરવાનું જ હોય છે. માત્ર ગરીબ કોને ગણવા - એ વિષે મતભેદ પડે છે. પણ આ મોબાઈલ યોજના તો બસ અફલાતુન છે. મંત્રીશ્રીના આંતર - મનમાં ગરીબો માટે વેદના થઈ હશે. 'અરે...રે બિચારા... ભૂખે ટળવળે છે. તે કરતાં મોબાઈલ પર મિષ્ઠાન્નની વાતો કરી કરી આનંદ ભોગવે તો કેવું સારૂં.' વાતો પણ મીઠી મધુરી હોય. વચ્ચે વચ્ચે સરકાર તરફથી "આશાના આંધણા મુકાતા હોય, ભૂખનું દુઃખ ઘડીભર ભૂલાઈ જાય. મન સાવ હળવું થાય."

પેલી ફ્રાન્સની રાણી - 'રોટી ન મળે તો બ્રેડ ખાઓ' જેવી સલાહ આપી આથી ઈતિહાસમાં અમર થઈ ગઈ. મંત્રીશ્રી તો તેને પણ વટાવી ગયા. ખાવાની વાતને સાવ છંદ ઉડાવી દીધો. 'ખાવા - પીવાની - ભૂખમરાની.' તુચ્છ વાતો શા માટે કરવી ? મોબાઈલમાં મિત્રોનો સંપર્ક કરો. મહાન આદર્શની વાતો કરો. આનંદ - માણવાનો અવસર મળ્યો છે તે મનભરી વાતો કરે ને... ભૂખ - ભૂખ શું કરો છો.' રોટલો ન મળે પણ વાતો કરવાનું સાધન તો છે ને' બસ મંત્રીશ્રીનું નામ ઈતિહાસમાં લખાઈ ગયું માનો. દીકરો સવાર-સાંજ મા પાસે ખાવાનું માગશે તો મા ઝટ લઈ મોબાઈલ ધરી દેશે, ને કહેશે. 'બેટા રસોડા સામે ન જો. આ મોબાઈલ સામે જો... ત્રણ કલાકનો ટોક-ટાઈમ તદ્દન મફત છે. તે તારા મિત્રો સાથે પાર્ટીની વાતો કર... ને જો હજાર એસ.એમ.એસ. પણ મફતમાં છે. તો તું તારી પસંદગીની વાનગીમાં નાખી તારા મિત્રોને મોકલ. તેનું પેટ પણ ભરાશે... ને બાળક મોબાઈલ પકડી વાતો કરશે, તાત્કાલિક ભૂખ ભૂલી જશે...'

અને સામાન્ય કારકૂની કરતો માણસ સાંજે ઘરે આવી ઠંડુ પાણી અને 'ચા' માગશે તો પત્ની મોબાઈલને આપતાં કહેશે. 'પાણી તો નથી આવ્યું... પણ તમે 'જિસ દેશ મેં ગંગા બહતી હૈ' જેવું ગીત સાંભળો. જો 'ચા' ની તલબ લાગી હોય તો વિવિધ પ્રકારની 'ચા' ની જાહેરાતો જુઓ... ને 'ચા' પીવાનો સંતોષ અનુભવો... જરા કલ્પનાશીલ બનો... અને સાંજના 'વાળુ' માં શું છે તે ન પૂછશો. કારણ જવાબમાં ગીત સાંભળવા મળશે, 'મેરે દેશકી ધરતી, સોના ઉગલે, ઉગલે હીરે મોતી' લ્યો જુઓ, આમા અનાજની વાત છે કયાંક ? ને પછી મોબાઈલને પેટ પર રાખી સુતેલી વ્યક્તિની આંખ સામે 'કૃષ્ણમેનન થી કલમાડી' સુધીના 'હીરા' પસાર થશે... મનમાં થશે. 'કોહીનૂર'ની વાર્તા ઝાંખી પાડે તેવા હીરા આ ધરતીમાં પાક્યા છે, ને વગર જમીન ખોદ્યે અવારનવાર મળતા રહે છે. બસ આ વિચારમાં આંખ મિંચાઈ જશે... ને ભૂખ ભૂલાઈ જશે.

બી.પી.એલ. કાર્ડ ધારકો હવે મોબાઈલ ધારકો તરીકે ઓળખાશે. આપણે ત્યાં ભૂતપૂર્વ પ્રધાન-મંત્રીઓનાં નામે કેટલી બધી યોજનાઓ ચાલે છે. હવે એક નવી 'મનમોહનસિંહ - મફત મોબાઈલ યોજના' શરૂ કરવામાં આવશે. ગામેગામ તેના પ્રચાર કરશે. મોટા મોટાં હોર્ડિંગો મુકાશે. જેમાં પ્રધાનમંત્રી, ગરીબ બાળકને મોબાઈલ અર્પણ કરતાં દર્શાવાશે... નવા નવા સૂત્રો ભીંતો પર ચિતરાશે... 'ભૂખ ને દુઃખ ભૂલો, પણ આ મોબાઈલ ન ભૂલો' જયાં સુધી જીવો બસ વાતો કરતાં જીવો... કે પછી 'ભૂલો ભલે ચશ્મા - ચોગઠો - મોબાઈલ ભૂલશો નહીં.'

આ સરકારી મોબાઈલ માત્ર વાતો કરવા માટે નહીં હોય. તેમાં થોડો ઉપદેશ - કેટલીક રમતો અને વધારે તો જાહેરાત પણ હશે. તમે બટન દાબો તો પાણીનો ખળખળાટ સંભળાય - ભરપૂર પાણીમાં સ્નાન કરતી સુંદરી દેખાય. તમને ભલે - અર્ધ ડોલ પાણી મળે... 'નાવાના મળે પણ જોવા તો મળે ને' ભૂખ લાગે. કંટાળો આવે તો ગેઈમ રમવા મંડો. તમે એ રમતમાં લીન થઈ જશો... ભૂખનું ભાન જ નહિં રહે. વચ્ચે વારંવાર સંદેશાઓ આવશે. ખાવા-પીવાની ચિંતા ન કરો... એ કામ અમારા પર છોડો... ખાવાવાળા અમે બેઠા છીએ. તમે આનંદથી ગેઈમ પુરી કરો... અને એક દિવસ પુરો થશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૩જી નવેમ્બર**

● અભિનેતા, દિગ્દર્શક, નિર્માતા પૃથ્વીરાજ કપૂરની જન્મજયંતિ - ૧૯૦૬.



પૃથ્વી થિયેટરના સ્થાપક, ઝેકોસ્લોવાકિયાનો રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર, પદ્મભૂષણ, દાદા સાહેબ ફાળકે એવોર્ડ વિજેતા, મહાન કલાકારનું ૨૮-૫-૧૯૭૨માં અવસાન થયું.

● અમોઘ શક્તિ સંપન્ન - વિશ્વ વિખ્યાત નાટ્યકાર જ્યોર્જ બર્નાડ શોનું અવસાન - ૧૯૫૦.



● ૧૯૧૪માં સુરત અને ૧૯૧૭માં ગોધરા ખાતે મહાત્મા ગાંધીના પ્રમુખપદે ગુજરાત રાજકીય પરિષદ મળી.

● ૧૯૦૩ - પનામા દેશનો સ્વાતંત્ર્ય દિન.